મહિલાઓ અને બાળકો વિરૂધ્ધના
અત્યાચારો બાબત.

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૧૯/૪૮૬૬

સચિવાલય, ગાંધીનગર

તા.૭/૧૨/૨૦૧૯.

ઠરાવ:-

રાજ્યમાં મહિલાઓ અને બાળકો ના અત્યાચારના અને બળાત્કારના બનતા બનાવોમાં તપાસની કામગીરી સમયસર થાય તથા ઝડપથી ચુકાદા આવે તે માટે અસરકારક મોનીટરીગ કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે મહિલાઓ અને બાળકો વિરુધ્ધના અત્યાચારના અને બળાત્કારના બનતા બનાવોમાં તપાસની કામગીરી સમયસર થાય તથા ઝડપથી ચુકાદા આવે તે માટે અસરકારક મોનીટરીગ માટે નીચે મુજબની કમિટી બનાવવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| (૧) અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) | ગૃહ વિભાગ | અધ્યક્ષ |
| (૨) સચિવશ્રી | કાયદા વિભાગ | સભ્ય |
| (૩) સચિવશ્રી,(ગૃહ) | ગૃહ વિભાગ | સભ્ય |
| (૪) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી | ગુજરાત રાજય | સભ્ય |
| (૫) ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશન | ગુજરાત રાજ્ય | સભ્ય |
| (૬)અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી | સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ | સભ્ય સચિવ |

કમિટી નીચેની બાબતો અંગે મોનિટરીંગ કરશે તથા આ પ્રકારના કેસોમાં તપાસની તથા અદાલતમાં કામ ચલાવવાની (પ્રોસીક્યુશન) કામગીરી તથા તેને આનુષાંગિક બાબતો અંગે રાજ્ય સરકારને તેનો અહેવાલ રજૂ કરશે.

(૧) સગીર બાળકો ઉપર બળાત્કારના બનાવોમાં યોગ્ય રીતે ફરીયાદ નોંધાય.

(૨) આવા બનાવોની તપાસ સત્વરે પૂર્ણ થાય.

(૩) ચાર્જશીટ સમયસર ફાઇલ થાય.

(૪) તપાસ દરમ્યાન આવશ્યક એફ.એસ.એલ.ના રીપોર્ટ તુરતજ મળી રહે.

(૫) આવશ્યકતા જણાય એવા કેસોમાં પેરવી ઓફિસરની નિમણુંક.

(૬) સંબંધિત પોલીસ અધિકારીના અભિપ્રાય અનુસાર જે તે કેસમાં સ્પેશ્યલ પી.પી.ની નિમણુંક.

(૭) જરૂર જણાયે Fast track court ની રચના કરી તેમાં કેસ ચલાવવો.

Scanned with CamScanner

(૮) કેસની ટ્રાયલ સક્ષમ કોર્ટમાં નિયમિત રીતે ચાલે અને ઉચિત આખરી ચુકાદો જાહેર થાય.

સમિતીની બેઠક દર ૧૫ દિવસે મળશે અને મહિલા અને બાળકો વિરુધ્ધના બનાવોમાં થયેલ કામગીરીની સમીક્ષા કરશે. અધિક પોલીસ મહાનિદેશકશ્રી (સીઆઇડી ક્રાઇમ અને રેલ્વેઝ)એ રાજ્યમાં મહિલા અને બાળકો વિરુધ્ધ બનતા અત્યાચારના ગુનાઓ અંગેની અધ્યત્તન વિગતો સમિતી સમક્ષ વિચારણા અર્થે રજૂ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ દવે)

ઉપ સચિવ (કા×વ્ય)

ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (ગૃહ)ના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ અને રેલ્વે), ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(મહિલા સેલ), ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશન, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
- તમામ પોલીસ કમિશનરશ્રી.
- તમામ પોલીસ અધીક્ષકશ્રી.
- શાખા સિલેક્ટ ફાઇલ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.

Scanned with CamScanner